# ૫(૫) ગોળ બનાવવાનો ઉદ્યોગ

## ૧. પ્રસ્તાવના

### અ. ઉપયોગીતા :

આ ઉદ્યોગ જ્યાં શેરડીનું વાવેતર હોય ત્યાં સ્થાપી શકાય. શેરડીના રસમાંથી ગોળ બનાવી તેનો ઉપયોગ ખોરાકમાં થાય છે. આ ઉદ્યોગ વર્ષમાં છ માસ સુધી ચાલે. આ ઉદ્યોગ જ્યાં ખેતર હોય ત્યાં સ્થાપવામાં આવે છે.

### બ. બજાર અને વ્યવસ્થા :

ગોળનો ઉપયોગ માણસના ખોરાકમાં તેમજ રસોઈમાં ગોળનો મહત્વનો ઉપયોગ છે. ગોળ વિના રસોઈનો કોઇ સ્વાદ આવતો નથી. ગામડામાં મિઠાઈ બનાવવામાં પણ ગોળનો ઉપયોગ કરવામાં આવે છે. સ્થાનિક તથા હોલસેલ વેપારીનો સંપર્ક કરી બજાર વ્યવસ્થા ગોઠવવાની રહે.

### ક. ધારણાઓ :

આ ઉદ્યોગ સીઝનમાં નવેમ્બર થી એપ્રીલ સુધી શેરડીના ખેતરે ઉદ્યોગ ચાલશે તેમ માનવામાં આવે છે, તેમજ ગોળ બનાવવા માટેનો અનુભવી માણસ રાખવો જોઈએ.

## ૨. ઉત્પાદન પ્રક્રિયા :

શેરડીના રસને ક્રશરમાં પીલીને રસ કાઢી રસ અને છોતા છુટા પાડવામાં આવે છે. આ રસને એક કુંડામાં એકત્રિત કરી તાવડામાં ઉકાળવામાં આવે છે. અને ઘટ્ટ થતાં ચોકીમાં ઢાળી તેના ચોસલાં બનાવવામાં આવે છે અથવા ડબામાં ભરવામાં આવે છે.

## ૩. ઉત્પાદન ક્ષમતા :

મશીનરીની ઉત્પાદન ક્ષમતા ૫૦૦ કીલો ગોળની ઉત્પાદન ક્ષમતા ગણાય. પ્રથમ વર્ષમાં ૬૦ ટકા ઉત્પાદન ક્ષમતાનો વપરાશ ગણતાં ઉત્પાદન ૩૦૦ કીલો/દિવસ ગણેલ છે. વાર્ષિક છ માસનું ઉત્પાદન ૩૦૦ કીલો × ૩૦ દિવસ × ૬ માસ = ૫૪,૦૦૦ કીલો ગણેલ છે.

## ૪. પરવાના અંગેની ખાસ જરૂરિયાત :

આ ઉદ્યોગ માટે કોઇ પરવાનાની જરૂરિયાત રહેતી નથી.

## ૫. સ્થાયી મુડી રોકાણ :

### અ. જમીન/મકાન -

આ ઉદ્યોગ જ્યાં ગોળ બનાવવાનો હોય ત્યાં સ્થળ ઉપર ભઠ્ઠી / તથા ચિમની બાંધી ઉદ્યોગ ચાલુ કરી શકાય. આ માટે ગામ બહાર ૧૦૦૦ ચો.મીટર ખુલ્લી જગ્યા પુરતી થઇ રહે. જગ્યાની વ્યવસ્થા અરજદાર પાસે હોવી જરૂરી છે.

ब. પ્લાન્ટ/મશીનરી/સાધનો/ડાઈઝ ટુલ્સ વિ.

| અ.નં. | મશીનરીનું વર્ણન | સંખ્યા | કિંમત(રૂ.માં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | રસ કાઢવાનું ક્રશર ૧૦ હો.પા.ના ડીઝલ એન્જીન સાથે | ૧ | ૧૦,૦૦૦/- |
| ૨. | રસ રાખવા માટેની ટાંકી ૩' × ૩' × ૪' | ૧ | ૩,૦૦૦/- |
| ૩. | ગોળ પકાવવા માટેના તાવડા ૪' વ્યાસના | ૨ | ૧૦,૦૦૦/- |
| ૪. | ભઠ્ઠી બાંધકામ માટે | - | ૫,૦૦૦/- |
| ૫. | ગોળ ઢાળવાની ચોકીઓ | ૪ | ૫,૦૦૦/- |
| ૬. | વજન કાંટો, વજનીયા વિ. | - | ૨,૦૦૦/- |
| | ક. ઓફીસ ફર્નીચર વિ. | | - |

**૬. કુલ સ્થાયી મુડી રોકાણ :** રૂ.૩૫,૦૦૦/-

**૭. ચાલુ મુડી (કાર્યકારી ભંડોળ) :**

કાચો માલ જેવો કે શેરડી ૧/૨ માસની

માસનો તથા એક માસનો પગાર અને પાવર ખર્ચ મળીને કુલ — રૂ.૨૫,૦૦૦/-

**૮. કુલ મુડી રોકાણ :** રૂ.૬૦,૦૦૦/-

૯. બેંક લોન (પ્લાન્ટ/મશીનરી તથા કાર્યકારી ભંડોળ) :

બેંક લોન છ માસના મોરેટોરીયમ પીરીયડ બાદ ૬૦ માસિક હમાથી ભરપાઇ કરવાની રહે.
વ્યાજનો દર ૧૪ ટકા ગણેલ છે. — રૂ.૬૦,૦૦૦/-

**૧૦. આવર્તક ખર્ચ (ઉત્પાદક ખર્ચ) માસિક :**

અ. કાચો માલ ૩૦૦૦ કીલો × ૩૦ દિ. × રૂ. ૦.૪/કીલો — રૂ.૩૬,૦૦૦/-

બ. પગાર ખર્ચ ૩ વ્યક્તિ × રૂ. ૫૦/દિવસ × ૩૦ દિવસ = ૪,૫૦૦/-
૭ વ્યક્તિ × રૂ. ૨૫/દૈનિક × ૩૦ દિવસ = ૫,૨૫૦/- — રૂ.૯,૭૫૦/-

ક. પાવર/ફ્યુઅલ ખર્ચ — રૂ.૫૦૦/-

ડ. બેંકનો હમો વ્યાજ સાથે — રૂ.૩,૦૦૦/-

રૂ.૧,૫૦૦/- પેકીંગ ખર્ચ ૩૦૦× ડબા રૂ. ૫/નંગ

| | | |
|---|---|---|
| ફ. | ઘસારા ખર્ચ | રૂ.૩૦૦/- |
| જ. | રીપેર/સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | રૂ.૨૦૦/- |
| ઝ. | મકાન ભાડુ | - |
| ઈ. | અન્ય | - |
| | કુલ આવર્તક ખર્ચ | રૂ.૫૧,૨૫૦/- |

**૧૧. કુલ વેચાણ (માસિક)**

ગોળ ૩૦૦ કિલો/દિવસ × ૩૦ દિવસ × રૂ. ૬.૨૫/કિલો = રૂ.૫૬,૨૫૦/-

**૧૨. નફાતોટાનો અંદાજ (માસિક) :**

| | |
|---|---|
| કુલ વેચાણ | રૂ.૫૬,૨૫૦/- |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂ.૫૧,૨૫૦/- |
| ચોખ્ખો નફો માસિક | રૂ.૫,૦૦૦/- |

**૧૩. અન્ય વિગત.**

(૧) વાર્ષિક છ માસથી વધારે ઉત્પાદન, સીઝનલ ઉદ્યોગ હોઇ મળી શકે નહીં.

**૧૪. ખાસ નોંધ**

(૧) આ ઉદ્યોગ શેરડીનો ઉત્પાદક પોતે જ ખેતરના એકાદ ભાગમાં સીઝનલ પ્રમાણે કરતા હોઇ વધારાની જગ્યાની જરૂરિયાત રહેતી નથી.

**૧૫. કાચા માલના ઉત્પાદકો/વિતરકો**

(૧) શેરડીનું વાવેતર જે સ્થળે હોય તે સ્થળે આ ઉદ્યોગ કરવાનો રહેતો હોઇને કાચો માલ સ્થાનિક જ ઉપલબ્ધ થઇ શકે.

**૧૬. મશીનરી/સાધનો/ડાઇઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો**

(૧) મે. અમૃત એન્જીનીયરીંગ વર્કસ, પ્રતાપ નગર, વડોદરા.

(૨) મે. રીગલ ટ્રેડીંગ કંપની, કડીયા કુઇ, રીલીફ રોડ, અમદાવાદ.

----